# માટી, ચાકડો ને કુંભકારઃ હ્યુસ્ટન સાહિત્ય સરિતાનો યાદગાર નવતર પ્રયોગ





**હ્યુસ્ટન, ટેક્સાસની સંસ્થા ગુજરાતી સાહિત્ય સરિતાની ડિસેમ્બરની બેઠકમાં 'માટી, ચાકડો અને કુંભકાર' ના નવતર પ્રયોગના યજમાન (ડાબે) શ્રીમતી વિભાબેન મહેતા, કાર્યક્રમના સંચાલિકા ઉમાબેન નગરશેઠ અને રસતરબોળ કરી દેતાં કલાકારો ઉદયન શાહ, મનોજ મહેતા અને કલ્પના મહેતા.**

*(ફોટોસૌજન્યઃ વિજય શાહ)*

**હ્યુસ્ટન, ટેક્સાસઃ** ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન ની શનિવાર તા.૧૩ ડિસેમ્બરે મળેલી ૮૨મી બેઠકમા સાહિત્ય સરિતા અને હ્યુસ્ટન નાટ્યવૃંદના ૭૦થી વધુ સભ્યોએ શ્રી મનોજ મહેતાનો એક નવતર પ્રયોગ, 'માટી, ચાકડો અને કુંભકાર' હેઠળ ગઝલસંગીતના રસમાધુર્યને મનભરીને માણ્યું હતું. કોઈપણ સંગીત વાજિંત્ર વિના ગુજરાતી ગઝલને જુદી જુદી પ્રાપ્ય કેરીયોકી પર સર્વશ્રી મનોજ મહેતા, કલ્પના મહેતા અને ઉદયન શાહે બે કલાક સુધી તેમના સુમધુર કંઠે શ્રોતાઓને જકડી રાખ્યા હતા.

બેઠકના યજમાન શ્રી રાજર્ષિ અને વિભા મહેતાને ત્યાં યોજાયેલી આ સભાના સંચાલિકા શ્રીમતી ઉમાબેન નગરશેઠે ગીત રજુ થાય તે પૂર્વે દરેક શાયર અને તેણે લખેલી શાયરીઓથી શ્રોતાઓને પરિચિત કરાવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે ઉમાબેને કહ્યું કે,'માટી,ચાકડો અને કુંભકાર' આ પ્રત્યેક હસ્તિ, પોતપોતાનું અલગ અલગ અસ્તિત્વ ધરાવે છે. માટી જ્યારે ચાકડા પર ચઢે ચાકડો ફરે અને કુંભકારનો અનુભવી હાથ આ માટી પર ચોક્કસ રીતે ફરે તો એક અવનવો આકાર માટી ધારણ કરે છે.

માની લઈએ કે ગુજરાતી ગઝલ માટી છે. સૂરીલું સંગીત ચાકડો છે ને કુંભકારનો હાથ ફરતાં એમાંથી અનુભૂતિ પામેલું સ્વરૂપ તે આ કાર્યક્રમ છે. આકારને પામવા માટીમાં જળ, ચાકડા પર ચઢતાં વાયુ અને તેમાંથી ઉદ્દભવતા આકારને અગ્નિમાંથી પસાર થવું પડે ત્યારે તે ઘડો, ગાગર, માટલું વગેરે કહેવાય!

હવે આ માટી તે ખરેખર મનુષ્ય જાત કે પ્રાણીજીવ. ચાકડો તે જીવનનું ચક્ર, ભવાટવિ, જન્મ-મરણ,જે કહેવું હોય કહી શકાય. પણ, ખૂબી જુઓ એ આકારને જીવંત બનાવનાર ને રાખનાર કુંભકાર તે ખરેખર તો નિરાકાર છે. આપણે તેને વિભુ, નિયંતા,ઈશ પ્રભુ, અલ્લાહ, ગોડ મસીહા વગેરે નામે ઓળખીએ છીએ. આજે જે સૂરીલા સંગીત તથા ગુજરાતી ગઝલ-કાવ્યની રસલ્હાણમાં ભીંજાશું તેમાં ક્યાંક ક્યાંક આ નિરાકાર છૂપાયેલો હશે. તેનો મહિમા હશે. તેની લીલા હશે. કદાચ દીધેલા સિતમ હશે,એમ પણ બને. પ્રભુ મળે ના મળે, આસ્વાદ જરૂર મળશે. ચાલોસૂર, સંધ્યા અને સંગીતના સુમધુર સંયોજનમાં સામેલ થઈએ.'

કાર્યક્રમનું ઉજળું પાસું પાંચ સ્થાનિક શાયરો- રસિક મેઘાણી, સુમન અજમેર, સુરેશ બક્ષી, વિશ્વદીપ બારડ અને મનોજ મહેતાની કૃતિઓને પણ મેહફિલમાં સ્થાન મળ્યું હતું. જાણીતા શાયરોમાં અવિનાશ વ્યાસ, સુરેશ દલાલ, પ્રિયકાંત મણિયાર, મુકેશ જોશી, આદિલ મન્સૂરી, મનોજ ખંડેરિયા, મરીઝ, શૂન્ય પાલનપુરી ને સૈફ પાલનપુરીની ગઝલો ગાઇ સંભળાવાઇ હતી.

કાર્યક્રમમાં જે કેરિયોકી વગાડાઇ તે કર્ણપ્રિય અને મધુર તો હતી જ, તેના ઉતાર-ચઢાવ સાથે ગુજરાતી શાયરી ગાયકો જે ગાતા હતા તે સાંભળતા ક્યાંય એવું નહોતું લાગતું કે આ સંગીત આ ગઝલ માટે ન હોય! રજૂ થયેલી ૧૮ ગઝલોને શ્રોતાઓની ખૂબ દાદ મળી. સભાને અંતે સૌએ ઊભા થઇ કલાકારોને વધાવી લીધા. રંગભૂમિના નીવડેલા કલાકાર અને શાયર મનોજ મહેતાની સર્જકતાના મુગુટમાં ગાયક તરીકેનું પીંછુ પણ ઉમેરાયું.પહેલી વાર ગાયિકા સ્વરૂપે આવેલા કલ્પના મહેતાએ સૌને મુગ્ધ કર્યા તો ઉદયન શાહે તેમના ધીર ને સિથર અંદાજમાં શ્રોતાઓની દાદ મેળવી. સ્વર નિયંત્રણ અમિત પાઠકે સુપેરે સંભાળ્યું. ઉમાબેને સૌ કાર્યકરોનો સલૂકાઈથી આભાર માની શ્રોતાજનોની વહાલપૂર્વક કદર કરી.

પ્રોગ્રામને અંતે કોઓર્ડિનેટર કિરિટ ભક્તએ પ્રેમથી ભોજન પીરસ્યું અને સુંદર કાર્યક્રમની પેશગી બદલ સંતોષ અનુભવ્યો. આ નવતર પ્રયોગની સફળતાનો આનંદ સૌના ચહેરા પર છલકાતો હતો!

*(અહેવાલઃ વિજય શાહ, હ્યુસ્ટન)*

# તવાસ્મિ ગ્રુપ ઓફ કનેક્ટીકટ દ્વારા ભવ્ય અન્નકૂટ મહોત્સવ ઉજવાયો





**ફો તવાસ્મિ ગ્રુપ ઓફ કનેકટીકટ દ્વારા ૭ ડિસેમ્બરે મિડલ ટાઉનના સત્યનારાયણ મંદિરમાં અન્નકૂટ મહોત્સવની ઉજવણી થઇ હતી (ડાબે) અન્નકૂટના દર્શન અને ઉજવણીમાં મોટી સંખ્યામાં ભાગ લઈ રહેલા વૈષ્ણવભક્તજનો.**

**મિડલ ટાઉન, કનેક્ટીકટઃ** તવાસ્મિ ગ્રુપ ઓફ કનેક્ટીકટ દ્વારા રવિવાર તા. ૭ ડિસેમ્બર,૦૮ના રોજ અત્રેના સત્યનારાયણ મંદિર, મિડલ ટાઉનમાં અન્નકૂટ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કનેક્ટીકટ ઉપરાંત પાડોશી રાજ્યોમાંથી મોટી સંખ્યામાં વૈષ્ણવોએ હાજરી આપી અન્નકૂટ દર્શનનો લાભ લીધો હતો.

આ પ્રસંગે સમગ્ર જનસમુદાયની લાગણીને માન આપી ષષ્ઠપીઠાધીશ્વર પૂ.ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહારાજ તથા યુવાઆચાર્ય પૂ.ગોસ્વામી શ્રી અનિરૂધ્ધ લાલજીએ તેમનાં આશીર્વાદ અને અન્નકૂટ ઉત્સવની ઉજવણી તેમજ મહાપ્રસાદની સાચી સમજ આપતો વીડિયો મેસેજ ભારતથી મોકલ્યો હતો.

આ શુભ અવસરે શ્રીનાથજીબાવાની સેવામાં અનેક વૈષ્ણવોએ ખૂબ મહેનત કરીને ભક્તિભાવથી અનેક વિધ પ્રકારની સામગ્રી સિધ્ધ કરી હતી.

તવાસ્મિ ગ્રુપ ઓફ કનેક્ટીકટના યુવાન ભાઈઓ ને બહેનોએ મંગળાચરણ કરી અન્નકૂટ મહોત્સવનો શુભ આરંભ કર્યો હતો.તવાસ્મિના આ પ્રસંગને શોભાયમાન કરવા બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, કનેક્ટીકટ, ઈન્ડિયન એસોસિએશન ઓફ ગ્રેટર હાર્ટફોર્ડ, ગુજરાતી સમાજ ઓફ કનેક્ટીકટ,કાઠિયાવાડી સમાજ તથા અન્ય આમંત્રિત મહેમાનોએ પધારીને શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. પાર્લીનના શ્રીદ્વારકાધિશ મંદિરના કિર્તનકાર સંદીપભાઈએ અન્નકૂટ ઉત્સવ માટે ખાસ કનેક્ટીકટ પધારી સર્વે ભક્તજનોને ભજન-કિર્તનનો લાભ આપ્યો હતો અને તેમણે ઊભા કરેલા પુષ્ટિભક્તિના આનંદમય વાતાવરણમાં સૌએ ભગવદ્ દર્શન અને આરતીનો લાભ લીધો હતો.

શુભ અવસર શરૂ થવાના થોડા કલાકો પહેલાં જ સ્નો પડવાની શરૂઆત થવા છતાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તજનોએ પધારી પ્રસંગની શોભા વધારી હતી. અંતે સૌએ મહાપ્રસાદનો આસ્વાદ માણી હવે પછીના ઉત્સવો વધુ સુંદર રીતે ઉજવાવના નિર્ધાર સાથે સૌ છૂટા પડ્યા હતા.

*(માહિતીસૌજન્યઃ તવાસ્મિ ગ્રુપ ઓફ કનેક્ટીકટ)*

# આઇસીએસ યુનિયને આલ્બર્ટ પેલેસમાં યોજેલી શાનદાર ક્રિસમસ પાર્ટી

**એડિસન, ન્યુજર્સીઃ** ઈન્ડિયન કલ્ચર સોસાયટી ઓફ ન્યુ જર્સી (યુનિયન)ના નેજા હેઠળ શનિવાર તા.૧૩મી ડિસેમ્બર,'૦૮ના રોજ રોયલ આલ્બર્ટ પેલેસમાં ક્રિસમસ પાર્ટીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૬૦૦થી વધુ લોકોએ ઉમળકાભેર ભાગ લઈ ક્રિસમસના તહેવારોનો આનંદ માણ્યો હતો.

સ્થાનિક તથા ટ્રાયસ્ટેટની લગભગ ૩૫ જેટલી વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પ્રસંગે નાનાં-મોટાં બાળકોને સાંતા ક્લોઝના હાથે નાતાલની ભેટો આપવામાં આવી હતી, જ્યારે મોટી ઉમરની વ્યક્તિઓને પણ આઈસીએસ વતી નાતાલની ભેટો આપવામાં આવી હતી.અગાઉથી રજીસ્ટર્ડ કરાવેલ મહેમાનો માટે બેઠકની ખાસ વ્યવસ્થા થઇ હતી.

પાર્ટીના મુખ્ય સ્પોન્સરોમાં સંદીપ પટેલ, કેની દેસાઇ, પિયુષભાઇ પટેલ અને રોયલ આલ્બર્ટ પેલેસ દ્વારા આર્થિક સહયોગ મદદરૂપ બન્યો હતો. દર વખતની જેમ આટલા મોટા ખર્ચને પહોંચી વળવા લકી ડ્રો-રાફેલનું પણ આયોજન થયું હતું અને ભાગ્યવંતા વિજેતાઓને સંસ્થાના પ્રમુખ અનિલ પટેલ, જે.પી. પટેલ, કેની દેસાઇ, ડૉ.નવીન મહેતા અને અન્ય કમિટિ મેમ્બરોની હાજરીમાં ઈનામી ડ્રોની ભેટસોગાદો અપાઇ હતી. માત્ર મોટી ઉમરની વ્યક્તિઓ પૂરતું પાર્ટીનું આયોજન સીમિત ન રાખતા નાના બાળકો તથા હાઈસ્કૂલ લેવલના વિદ્યાર્થીઓ પણ આનંદીત થઇ નાચે-ઝૂમે તે માટે હિન્દી ફિલ્મી સંગીત સાથે પૉપ સંગીતને પણ પ્રાધાન્ય અપાયું હતું.

આઇ.સી.એસ. ૨૦૧૦ની સાલમાં ૨૫ વર્ષ પૂરાં કરે છે તેથી એ વર્ષે રજત જયંતિની શાનદાર ઉજવણીની જાહેરાત સંસ્થાના સ્થાપક શ્રી જે.પી.પટેલ દ્વારા કરવામાં આવી હતી. આઇસીએસ યુનિયન હવે પછીના તેના કાર્યક્રમોની વિગતવાર માહિતી ન્યુ જર્સી સિનિયરોના સંગઠન આઈસોન્જની વેબસાઇટ પરથી મળી રહેશે. વેબસાઇટ છેઃ www.icsonj.org

રાતે લગભગ સાડા બાર સુધી ગીતસંગીત અને નાચગાનનો કાર્યક્ર ચાલ્યો હતો અને પછી બધા છૂટા પડ્યા હતા અને આવી સુંદર પાર્ટીનું આયોજ કરવા બદલ સંસ્થાના મોવડીઓને ધન્યવાદ આપ્યા હતા.

*(માહિતીસૌજન્યઃ તુષાર પટેલ)*

To advertise in **GUJARAT TIMES** Call: 201-876-8781 • Fax: 201-876-8785